| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૬/૧૧/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૬૭/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** પુષ્પા વા/ઓ પંચલાલ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. સતાધાર સોસાયટી દુર્ગા સ્કુલ પાસે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એ” ડીવીજન ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** શૈલેષભાઇ ભરતભાઇ પટણી (ઉ.વ.૨૨) (રહે.૧૭૬ ના સરકારી પ્લોટનાં છાપરાં છેલ્લુ બસ સ્ટેશન શાંતિસાગરની ચાલી મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રંટ ગાર્ડન પાછળ રીવરફ્રંટ વોક-વે ઘાટ નંબર-૫ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હરેશભાઇ લાભુભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** દિપક મોહનસિંહ ખેંગાર (ઉ.વ.૨૯) (રહે. મોહનનગર સોસાયટી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદિશપ્રસાદ ચલાવે છે.

**મણીનગરઃ** મણીનગર રમણનગર સરદાર પટેલ સોસાયટી પુજા એકમોડશન પી.જી.હોસ્ટેલ ખાતે રહેતા અજીત સુરતાનભાઇ પારગી (ઉ.વ.૧૯) ( મુળ વતન. તલગામ ફળીયુ તા-ફતેપરા જી-દાહોદ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.પટેલ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** રેખાબહેન વા/ઓ વિનોદભાઇ કાબરા (ઉ.વ.૪૫) (રહે. મહેશ્વરી એપાર્ટમેન્ટ માળીના કુવા પાસે ઉમિયાનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી